**03.12.2025** પ્રાતઃમુરલી
ઓમ શાંતિ
બાપદાદા
મધુબન

“ મીઠાં બાળકો - તમે હમણાં હોલીએસ્ટ ઓફ ધ હોલી ( સૌથી પવિત્ર ) બાપ નાં ખોળા માં આવ્યાં છો , તમારે મન્સા માં પણ હોલી ( પવિત્ર ) બનવાનું છે”

પ્રશ્ન **:-** હોલીએસ્ટ ઓફ ધ હોલી બાળકો નો નશો અને નિશાનીઓ કઈ હશે?

ઉત્તર **:-** તેમને નશો હશે કે અમે હોલીએસ્ટ ઓફ ધ હોલી બાપ નો ખોળો લીધો છે. અમે હોલીએસ્ટ દેવતા બનીએ છીએ, તેમની અંદર મન્સા માં પણ ખરાબ વિચાર આવી ન શકે. તે સુગંધિત ફૂલ હોય છે, તેમનાં થી કોઈ પણ ઉલ્ટા કર્મ થઈ નથી શકતાં. તે અંતર્મુખી બની પોતાની જાંચ (તપાસ) કરે છે કે મારા દ્વારા બધાને સુગંધ (ગુણો ની સુગંધ) આવે છે? મારી આંખ કોઈનામાં ડૂબતી તો નથી?

ગીત **:-** મરના તેરી ગલી મેં...

ઓમ્ શાંતિ **!** બાળકોએ ગીત સાંભળ્યું પછી તેનો અર્થ પણ અંદર વિચાર સાગર મંથન કરીને કાઢવો જોઈએ. આ કોણે કહ્યું મરના તેરી ગલી મેં? આત્માએ કહ્યું કારણ કે આત્મા છે પતિત. પાવન તો અંત માં કહેવાશે અથવા પાવન ત્યારે કહેવાશે જ્યારે શરીર પણ પાવન મળે. હમણાં તો પુરુષાર્થી છે. આ પણ જાણો છો - બાપ ની પાસે આવીને મરવાનું હોય છે. એક બાપ ને છોડી બીજા કરવા એટલે એક થી મરીને બીજા ની પાસે જીવવું. લૌકિક બાપ નું પણ બાળક શરીર છોડે છે તો બીજા પાસે જઈને જન્મ લેશે ને? આ પણ એવું છે. મરીને પછી હોલીએસ્ટ ઓફ ધ હોલી નાં ખોળા માં તમે જાઓ છો. હોલીએસ્ટ ઓફ હોલી (સૌથી પવિત્ર) કોણ છે? (બાપ) અને હોલી કોણ છે? (સંન્યાસી) હા, આ સંન્યાસીઓ વગેરે ને કહેવાશે હોલી. તમારા માં અને સંન્યાસીઓ માં ફરક છે. તે હોલી બને છે પરંતુ જન્મ તો છતાં પણ પતિત દ્વારા જ લે છે ને? તમે બનો છો હોલીએસ્ટ ઓફ ધ હોલી. તમને બનાવવા વાળા છે હોલીએસ્ટ ઓફ ધ હોલી બાપ. તે લોકો ઘરબાર છોડી હોલી બને છે. આત્મા પવિત્ર બને છે ને? તમે સ્વર્ગ માં દેવી-દેવતા છો તો તમે હોલીએસ્ટ ઓફ હોલી છો. આ તમારો સંન્યાસ છે બેહદ નો. તે છે હદ નો. તે હોલી બને છે, તમે બનો છો હોલીએસ્ટ ઓફ હોલી. બુદ્ધિ પણ કહે છે - અમે તો નવી દુનિયા માં જઈએ છીએ. તે સંન્યાસી આવે જ છે રજો માં. ફરક થયો ને? ક્યાં રજો, ક્યાં સતોપ્રધાન. તમે હોલીએસ્ટ ઓફ હોલી દ્વારા હોલીએસ્ટ બનો છો. એ જ્ઞાન સાગર પણ છે, પ્રેમ નાં સાગર પણ છે. ઈંગ્લીશ માં ઓશન ઓફ નોલેજ, ઓશન ઓફ લવ કહેવાય છે. તમને કેટલાં ઊંચા બનાવે છે. એવાં ઊંચા માં ઊંચા હોલીએસ્ટ ઓફ હોલી ને બોલાવે છે કે આવીને પતિતો ને પાવન બનાવો. પતિત દુનિયા માં આવીને અમને હોલીએસ્ટ ઓફ હોલી બનાવો. તો બાળકો ને એટલો નશો રહેવો જોઈએ કે આપણને કોણ ભણાવે છે! આપણે શું બનીશું? દૈવીગુણ પણ ધારણ કરવાના છે. બાળકો લખે છે - બાબા અમને માયા બહુજ તોફાન લાવે છે. અમને મન્સા થી શુદ્ધ બનવા નથી દેતી કેમ આવાં ખરાબ વિચાર આવે છે જ્યારે કે અમારે હોલીએસ્ટ ઓફ હોલી બનવાનું છે? બાપ કહે છે - હમણાં તમે બિલકુલ અન-હોલીએસ્ટ ઓફ હોલી (અપવિત્ર) બની ગયાં છો. અનેક જન્મો નાં અંત માં હવે બાપ ફરી તમને જોર (ખૂબ સારી રીતે) થી ભણાવે છે. તો બાળકો ની બુદ્ધિ માં આ નશો રહેવો જોઈએ - અમે શું બની રહ્યાં છીએ? આ લક્ષ્મી-નારાયણ ને એવાં કોણે બનાવ્યાં? ભારત સ્વર્ગ હતું ને? આ સમયે ભારત તમોપ્રધાન ભ્રષ્ટાચારી છે. પછી આમને આપણે હોલીએસ્ટ ઓફ હોલી બનાવીએ છીએ. બનાવવા વાળા તો જરૂર જોઈએ ને? પોતાનામાં પણ એ નશો આવવો જોઈએ કે અમારે દેવતા બનવાનું છે. તેનાં માટે ગુણ પણ એવાં હોવાં જોઈએ. એકદમ નીચે થી ઉપર ચઢ્યાં છો. સીડી માં પણ ઉત્થાન અને પતન લખેલું છે ને? જે નીચે પડ્યાં છે તે કેવી રીતે પોતાને હોલીએસ્ટ ઓફ હોલી કહેશે? હોલીએસ્ટ ઓફ હોલી બાપ જ આવીને બાળકો ને બનાવે છે. તમે અહીં આવ્યાં જ છો વિશ્વ નાં માલિક હોલીએસ્ટ ઓફ હોલી બનવા માટે, તો કેટલો નશો રહેવો જોઈએ. બાબા આપણને આટલાં ઊંચા બનાવવા આવ્યાં છે. મન્સા-વાચા-કર્મણા પવિત્ર બનવાનું છે. સુગંધિત ફૂલ બનવાનું છે. સતયુગ ને કહેવાય જ છે - ફૂલો નો બગીચો. દુર્ગંધ કોઈ પણ ન હોય. દુર્ગંધ દેહ-અભિમાન ને કહેવાય છે. કુદૃષ્ટિ કોઈ માં પણ ન જાય. એવાં ઉલ્ટા કામ ન થાય જે દિલ ને ખાય અને ખાતું બની જાય. તમે ૨૧ જન્મો માટે ધન ભેગું કરો છો. આપ બાળકો જાણો છો આપણે ખૂબ સંપત્તિવાન બની રહ્યાં છીએ. પોતાનાં આત્મા ને જોવાનો છે અમે દૈવીગુણો થી ભરપૂર છીએ? જેમ બાબા કહે છે તેમ અમે પુરુષાર્થ કરીએ છીએ? તમારું

મુખ્ય-લક્ષ તો જુઓ કેવું છે? ક્યાં સન્યાસી, ક્યાં તમે!

આપ બાળકોને નશો રહેવો જોઈએ કે અમે કોનાં ખોળા માં આવ્યાં છીએ! અમને શું બનાવે છે? અંતર્મુખી થઈ જોવું જોઈએ - અમે ક્યાં સુધી લાયક બન્યાં છીએ? અમારે કેટલું ગુલ-ગુલ બનવું જોઈએ, જેથી બધાને જ્ઞાનની સુગંધ આવે? તમે અનેક ને સુગંધ આપો છો ને? આપ સમાન બનાવો છો. પહેલાં તો નશો હોવો જોઈએ - અમને ભણાવવા વાળા કોણ છે! તેઓ તો બધા છે ભક્તિમાર્ગ નાં ગુરુ. જ્ઞાનમાર્ગનાં ગુરુ કોઈ હોય ન શકે - સિવાય એક પરમપિતા પરમાત્મા નાં. બાકી છે ભક્તિમાર્ગ નાં. ભક્તિ હોય જ છે કળિયુગ માં. રાવણ ની પ્રવેશતા થાય છે. આ પણ દુનિયા માં કોઈને ખબર નથી. હમણાં તમે જાણો છો, સતયુગ માં આપણે સોળે કળા સંપૂર્ણ હતાં, પછી એક દિવસ પણ વીત્યો તો તેને પૂર્ણ માસી થોડી કહેવાશે? આ પણ એવું છે. થોડું-થોડું જૂ ની જેમ ચક્ર ફરતું રહે છે. હવે તમારે પૂરું સોળે કળા સંપૂર્ણ બનવાનું છે, તે પણ અડધાકલ્પ માટે. પછી કળાઓ ઓછી થાય છે, આ તમને બુદ્ધિ માં જ્ઞાન છે તો આપ બાળકો ને કેટલો નશો રહેવો જોઈએ. અનેક ને આ બુદ્ધિ માં આવતું નથી કે આપણને ભણાવવા વાળા કોણ છે? ઓશન ઓફ નોલેજ (જ્ઞાન નાં સાગર). બાળકો ને તો કહે છે નમસ્તે બાળકો. તમે બ્રહ્માંડ નાં પણ માલિક છો, ત્યાં બધા રહો છો પછી વિશ્વ નાં પણ તમે માલિક બનો છો. તમારો ઉત્સાહ વધારવા માટે બાપ કહે છે તમે મારા કરતાં ઊંચા બનો છો. હું વિશ્વ નો માલિક નથી બનતો, પોતાનાં કરતાં પણ તમને ઊંચા મહિમા વાળા બનાવું છું. બાપ નાં બાળકો ઊંચે ચઢી જાય છે તો બાપ સમજશે ને આમણે ભણીને આટલું ઊંચું પદ મેળવ્યું છે. બાપ પણ કહે છે હું તમને ભણાવું છું. હવે પોતાનું પદ જેટલું બનાવવા ઈચ્છો, પુરુષાર્થ કરો. બાપ આપણને ભણાવે છે - પહેલાં તો નશો ચઢવો જોઈએ. બાપ તો ક્યારેય પણ આવીને વાત કરે છે. એ તો જાણે આમનાં માં છે જ. તમે બાળકો એમનાં છો ને? આ રથ પણ એમનો છે ને? તો આવાં હોલીએસ્ટ ઓફ હોલી બાપ આવ્યાં છે, તમને પાવન બનાવે છે. હવે તમે પછી બીજાઓ ને પાવન બનાવો. હું રીટાયર થાઉં છું. જ્યારે તમે હોલીએસ્ટ ઓફ હોલી બનો છો તો અહીંયા કોઈ પતિત આવી ન શકે. આ હોલીએસ્ટ ઓફ હોલી નું ચર્ચ છે. તે ચર્ચ માં તો વિકારી બધા જાય છે, બધા પતિત અનહોલી (અપવિત્ર) છે. આ તો બહુ મોટું હોલી ચર્ચ છે. અહીં કોઈ પતિત પગ પણ રાખી ન શકે. પરંતુ હમણાં નથી કરી શકતાં. જ્યારે બાળકો પણ એવાં બની જાય ત્યારે એવાં કાયદા કાઢી શકાય. અહીં કોઈ અંદર આવી ન શકે. પૂછે છે ને, અમે આવીને સભા માં બેસીએ? બાબા કહે છે ઓફિસર્સ વગેરે થી કામ રહે છે તો તેમને બેસાડવા પડે. જ્યારે તમારું નામ પ્રસિદ્ધ થઈ જશે પછી તમને કોઈ ની પણ પરવા નથી. હમણાં રાખવી પડે છે, હોલીએસ્ટ ઓફ હોલી પણ ગમ ખાતા રહે છે. હમણાં ના નથી કરી શકતાં. પ્રભાવ નીકળવા થી પછી લોકો ની દુશ્મની પણ ઓછી થઈ જશે. તમે પણ સમજાવશો અમને બ્રાહ્મણો ને રાજયોગ શિખવાડવા વાળા હોલીએસ્ટ ઓફ હોલી બાપ છે. સંન્યાસીઓ ને હોલીએસ્ટ ઓફ હોલી થોડી કહેવાશે? તેઓ આવે જ છે રજોગુણ માં. તે વિશ્વ નાં માલિક બની શકે છે શું? હમણાં તમે પુરુષાર્થી છો. ક્યારેક તો ખૂબ સારી ચલન હોય છે, ક્યારેક તો પછી એવી ચલન હોય જે નામ બદનામ કરી દે છે. ઘણાં સેવાકેન્દ્ર પર એવાં આવે છે જે જરા પણ જાણતાં કાંઈ નથી. તમે પોતાને પણ ભૂલી જાઓ છો કે અમે શું બનીએ છીએ. બાપ પણ ચલન થી સમજી જાય છે - આ શું બનશે? ભાગ્ય માં ઊંચ પદ હશે તો ચલન ખૂબ રોયલ્ટી થી ચાલશે. ફક્ત યાદ રહે કે અમને ભણાવે કોણ છે તો પણ કપારી ખુશી રહે. આપણે ગોડફાધરલી સ્ટુડન્ટ (ઈશ્વરીય વિદ્યાર્થી) છીએ તો કેટલો રિગાર્ડ રહે. હમણાં હજી શીખી રહ્યાં છીએ. બાપ તો સમજે છે હજી સમય લાગશે. નંબરવાર તો દરેક વાત માં હોય જ છે. મકાન પણ પહેલાં સતોપ્રધાન હોય છે પછી સતો-રજો-તમો થાય છે. હમણાં તમે સતોપ્રધાન, સોળે કળા સંપૂર્ણ બનવા વાળા છો. ઇમારત બનતી જાય છે. તમે બધા મળીને સ્વર્ગ ની ઇમારત બનાવી રહ્યાં છો. આ પણ તમને ખૂબ ખુશી થવી જોઈએ. ભારત જે અનહોલીએસ્ટ ઓફ અનહોલી બની ગયું છે, તેને આપણે હોલીએસ્ટ ઓફ હોલી બનાવીએ છીએ, તો પોતાનાં ઉપર કેટલી ખબરદારી રાખવી જોઈએ. આપણી દૃષ્ટિ એવી ન હોય જેથી આપણું પદ ભ્રષ્ટ થઈ જાય. એવું નહીં બાબા ને લખશો તો બાબા શું કહેશે. ના, હમણાં તો બધા પુરુષાર્થ કરી રહ્યાં છે. તેમને પણ હમણાં હોલીએસ્ટ ઓફ હોલી થોડી કહેવાશે? બની જશે પછી તો આ શરીર પણ નહીં રહેશે. તમે પણ હોલીએસ્ટ ઓફ હોલી બનો છો. બાકી તેમાં છે પદ. તેનાં માટે પુરુષાર્થ કરવાનો છે અને કરાવવાનો છે. બાબા પોઈન્ટ્સ તો ઘણાં આપતા રહે છે. કોઈ આવે તો ભેંટ (તફાવત) કરીને દેખાડો. ક્યાં આ હોલીએસ્ટ ઓફ હોલી, ક્યાં તે હોલી! આ લક્ષ્મી-નારાયણ નો તો જન્મ જ સતયુગ માં થાય છે. તે આવે જ પાછળ થી છે, કેટલો ફરક છે. બાળકો સમજે છે - શિવબાબા આપણને આ બનાવી રહ્યાં છે. કહે છે મામેકમ્ યાદ કરો. પોતાને અશરીરી આત્મા સમજો. ઊંચા માં ઊંચા શિવબાબા ભણાવીને ઊંચા માં ઊંચા બનાવે છે, બ્રહ્મા દ્વારા આપણે આ ભણીએ છીએ. બ્રહ્મા સો વિષ્ણુ બને

છે. આ પણ તમે જાણો છો. મનુષ્ય તો કાંઈ પણ નથી સમજતાં. હમણાં આખી સૃષ્ટિ પર રાવણ રાજ્ય છે. તમે રામ રાજ્ય સ્થાપન કરી રહ્યાં છો, જેને તમે જાણો છો. ડ્રામા અનુસાર આપણે સ્વર્ગ સ્થાપન કરવા લાયક બની રહ્યાં છીએ. હમણાં બાબા લાયક બનાવે છે. બાપ સિવાય શાંતિધામ, સુખધામ કોઈ લઈ ન જઈ શકે. ગપ્પા મારતા રહે છે ફલાણા સ્વર્ગ ગયાં, મુક્તિધામ ગયાં. બાપ કહે છે આ વિકારી, પતિત આત્માઓ શાંતિધામ કેવી રીતે જશે? તમે કહી શકો છો તો સમજશે આમને કેટલો ફખુર (નશો) છે! એવું વિચાર સાગર મંથન કરો, કેવી રીતે સમજાવીએ? ચાલતાં-ફરતાં અંદર આવવું જોઈએ. ધીરજ પણ રાખવાની છે, આપણે પણ લાયક બની જઈએ. ભારતવાસી જ પૂરાં લાયક અને પૂરાં ન-લાયક બને છે. બીજું કોઈ નહીં. હમણાં બાપ તમને લાયક બનાવી રહ્યાં છે. નોલેજ ખૂબ મજા ની છે. અંદર ખુબ ખુશી રહે છે - અમે આ ભારત ને હોલીએસ્ટ ઓફ હોલી બનાવીશું. ચલન ખૂબ રોયલ જોઈએ. ખાવા-પીવાનું, ચલન થી ખબર પડી જાય છે. શિવબાબા તમને આટલાં ઊંચા બનાવે છે. એમનાં બાળક બન્યાં છો તો નામ પ્રસિદ્ધ કરવાનું છે. ચલન એવી હોય જેથી સમજે આ તો હોલીએસ્ટ ઓફ હોલી નાં બાળકો છે. ધીમે-ધીમે તમે બનતા જશો. મહિમા નીકળતી જશે. પછી કાયદા કાનૂન બધું કાઢશે, જે કોઈ પતિત અંદર આવી ન શકે. બાબા સમજી શકે છે, હજી સમય જોઈએ. બાળકોએ ખૂબ પુરુષાર્થ કરવાનો છે. પોતાની રાજધાની પણ તૈયાર થઈ જાય. પછી કરવામાં વાંધો નથી. પછી તો અહીંયા થી નીચે આબૂરોડ સુધી લાઈન લાગી જશે. હવે તમે આગળ ચાલો. બાબા તમારા ભાગ્ય ને વધારતા રહે છે. પદમ ભાગ્યશાળી પણ કાયદેસર કહે છે ને? પગ માં પદમ દેખાડે છે ને? આ બધી આપ બાળકોની મહિમા છે. છતાં પણ બાપ કહે છે મનમનાભવ, બાપ ને યાદ કરો. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકો ને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. એવું કોઈ કામ નથી કરવાનું જે દિલ ખાતું રહે. પૂરાં સુગંધિત ફૂલ બનવાનું છે. દેહ-અભિમાન ની દુર્ગંધ કાઢી નાખવાની છે.
2. ચલન ખૂબ રોયલ રાખવાની છે. હોલીએસ્ટ ઓફ હોલી બનવાનો પુરુષાર્થ કરવાનો છે. દૃષ્ટિ એવી ન થાય જે પદ ભ્રષ્ટ થઈ જાય.

વરદાન :- નાઉમ્મીદી ની ચિતા પર બેઠેલા આત્માઓ ને નવાં જીવન નું દાન આપવા વાળા ત્રિમૂર્તિ પ્રાપ્તિઓ થી સંપન્ન ભવ

સંગમયુગ પર બાપ દ્વારા બધા બાળકો ને એવરહેલ્ધી, વેલ્ધી અને હેપ્પી રહેવાનું ત્રિમૂર્તિ વરદાન પ્રાપ્ત થાય છે જે બાળકો આ ત્રણેય પ્રાપ્તિઓ થી સદા સંપન્ન રહે છે એમનો ખુશનસીબ, હર્ષિત મુખ ચહેરો જોઈને માનવ જીવન માં જીવવાનો ઉમંગ-ઉત્સાહ આવી જાય છે કારણકે હમણાં મનુષ્ય જીવતા હોવા છતાં પણ નાઉમ્મીદી ની ચિતા પર બેઠેલા છે. હવે એવાં આત્માઓ ને મરજીવા બનાવો. નવાં જીવન નું દાન આપો. સદા સ્મૃતિ માં રહે કે આ ત્રણેય પ્રાપ્તિઓ અમારો જન્મસિદ્ધ અધિકાર છે. ત્રણેય ધારણાઓ ને માટે ડબલ અન્ડરલાઇન લગાવો.

સ્લોગન :- ન્યારા અને અધિકારી બનીને ને કર્મ માં આવવું-આ જ બંધનમુક્ત સ્થિતિ છે.

અવ્યક્ત ઈશારા - હવે સંપન્ન કે કર્માતીત બનવાની ધૂન લગાવો

કર્માતીત નો અર્થ જ છે - બધા પ્રકાર નાં હદ નાં સ્વભાવ-સંસ્કાર થી અતીત અર્થાત્ ન્યારા. હદ છે બંધન, બેહદ છે નિર્બંધન. બ્રહ્મા બાપ સમાન હવે હદ નાં મારા-મારા થી મુક્ત બનવાનો અર્થાત્ કર્માતીત બનવાનો અવ્યક્તિ દિવસ મનાવો, આને જ સ્નેહ નું સબૂત કહેવાય છે.